:: ચુકાદો :- ક્રિમીનલ કેસ નંબર :- ૩૭૪૨૭/૧૮

આ કામના આરોપી સામે ધી પ્રોહી.એક્ટ કલમ- ૬૫ (એ)(એ), (ઈ) ના ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલું છે. આરોપીને તેની સામેના પોલીસ કેસના કાગળોની નકલો આપી આરોપીનું સ્ટેટમેન્ટ લેવામાં આવતાં તેણે તેની સામેના ગુનાનો સ્વેચ્છાએ સ્વીકાર કરેલું છે. તેની સામેના ગુનાની હકિકતો તેને વાંચી સમજાવતાં અને તેને સદર ગુનાની સજાની પૂરે પૂરી જોગવાઈ સમજાવવા છતાં તે કોઈપણ જાતનાં દબાણ કે લાલચ વિના ગુનો કબુલ કરે છે. તેની આ ગુના કબુલાત સ્વેચ્છિક છે અને તે બાબતની તેને લેખિત પુરશીસ પણ આપેલ છે. જેને ન માનવા માટેનું કોઈ જ કારણ નથી. સબબ આરોપી સામેના ગુનાનો પ્રકાર જોતાં હવે પછીના પેરા મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:- હુકમ :-

સી.આર.પી.સી. કલમ-૨૫૨ મુજબ આરોપીને ધી પ્રોહી.એક્ટ કલમ- ૬૫ (એ)(એ), ૬૫ (ઈ) ના ગુના સબબ તકસીરવાર ઠરાવી તેને ઉપરોક્ત તમામ ગુના સબબ કોર્ટ ઉઠતાં સુધીની સજા તથા રૂ. ૫૦૦/- દંડ, દંડ ના ભરે તો દિન- ૨ ની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

મુદ્દામાલના નાણાં સરકાર ખાલસા કરવા બાકીના મુદ્દામાલનો નાશ કરવો.

આજ તા. ૨૩/૭/૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મેટ્રો પોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર ૧૫, અમદાવાદ.